INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com

---

**અખબારી યાદી** **તા. ૧૭-૨-૨૦૨૪**

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટાયેલ સભ્યશ્રીઓ શ્રી અંજનાબેન નારણભાઈ ઉટડિયા અને શ્રી હર્ષાબેન મનોજભાઈ ઝાલાવાડીયાએ પક્ષપલટો કરતા તેઓની સામે સભ્યપદ રદ્દ કરવા કોંગ્રેસ પક્ષે અરજી દાખલ કરેલી હતી. કોંગ્રેસ પક્ષની તરફેણમાં નિર્ણય થયેલો છે અને ઉપલેટા તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષના પંજાના નિશાન ઉપર ચૂંટાયેલા સભ્યશ્રીઓ શ્રી અંજનાબેન નારણભાઈ ઉટડિયા અને શ્રી હર્ષાબેન મનોજભાઈ ઝાલાવાડીયાને સભ્યપદેથી ગેરલાયક ઠરાવવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષ વતી આ પક્ષપલટુ સભ્યશ્રીઓની વિરુદ્ધમાં અરજી શ્રી ભરતભાઈ બચુભાઈ સુવા અને શ્રી ચેતનાબા જયદેવસિંહ વાળાએ દાખલ કરેલી હતી. લંબાણપૂર્વકની દલીલો બાદ કોંગ્રેસ પક્ષની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી છે અને કોંગ્રેસ પક્ષના ચૂંટાયેલા તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ જેમણે પક્ષપલટો કર્યો હતો તેમણે સભ્યપદ ગુમાવ્યું છે. ચૂંટાયેલા સભ્યો પક્ષપલટો કરીને સભ્યપદ જાળવી રાખી શકતા નથી તે સ્પષ્ટ કાયદો છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ આવા પક્ષપલટુ સભ્યો સભ્યપદ ગુમાવે તે માટેની ચોક્કસ ચીવટ રાખીને અરજી દાખલ કરી હતી, જેના પરિણામસ્વરૂપ ઉપરોક્ત બંને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓએ સભ્યપદ ગુમાવેલું છે. શ્રી પ્રવિણભાઈ રાયધનભાઈ વિરડા પોતે હોસ્પિટલમાં દાખલ હતા અને તે કારણે તાલુકા પંચાયતની મિટિંગમાં આવી શક્યા ન હતા તે વાતનો ખુલાસો પક્ષ પાસે કર્યો હતો, જે ખુલાસાને કોંગ્રેસ પક્ષે ગ્રાહ્ય રાખીને તેઓ સામેની કાર્યવાહી પડતી મૂકી હતી, જેથી શ્રી પ્રવિણભાઈ રાયધનભાઈ વિરડા સભ્ય તરીકે ચાલુ રહી શક્યા છે. કોંગ્રેસ પક્ષ તરફથી વકીલ તરીકે શ્રી નિકુંજભાઈ બલ્લરે દલીલો કરી હતી. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પક્ષપલટુઓ સામે અપાયેલા આ નિર્ણયને આવકાર્યો હતો.

ડૉ. મનિષ એમ. દોશી
મીડીયા કન્વીનર અને પ્રવક્તા